બાયડ વિધાનસભા બેઠક પર કોંગ્રેસનો વિજય

કોંગ્રેસના જશુભાઈ પટેલનો ભવ્ય વિજય : ભાજપના ધવલસિંહ ઝાલાનો પરાજય : ભાજપે વિકાસને અને જાતિવાદને પ્રજાજનોનો જાકારો કે પછી ધવલસિંહ ઝાલાના પક્ષ પલટો અને વિવાદિત ભૂતકાળ હાર માટે જવાબદાર !!!

બાયડ, તા. ૨૪

બહુ ચર્ચિત બાયડ વિધાનસભા પેટા ચૂંટણીનો જંગ પરાકાષ્ટએ પહોંચ્યા પછી પેટા ચૂંટણીનું મતદાન નિર્વિઘ્ન સંપન્ન થયું હતું. ભાજપ-કોંગ્રેસે બાયડ બેઠક કબ્જે કરવા રાજકીય અગ્રણીઓ અને કાર્યકરોની ફોજ ઉતારી દીધી હતી. ભાજપ બાયડ વિધાનસભા બેઠક પર જીત મેળવવા રાજ્યના તમામ દિગ્જજોને મેદાને ઉતારી દીધા હતા. ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મતદારોને રીઝવવા માલપુર ખાતે જંગી સભાને સંબોધી હતી તેમ છતાં ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાનો કોંગ્રેસના ઉમેદવાર અને બાહુબલી નેતા ગણાતા જશુભાઈ પટેલ સામે કારમો પરાજય થતા ભાજપની છાવણીમાં સોપો પડી ગયો હતો.

અરવલ્લી જિલ્લાની બાયડ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલની જીત થતાં કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ભારે રસાકસી બાદ પરિણામો જાહેર થતાં કોંગી કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મતગણતરીની શરૂઆતથી જ કોંગ્રેસ લીડ બનાવતું રહ્યું હતું, જો કે ૨૩માં રાઉન્ડના અંતે બે ઈવીએમ મશિનમાં ટેક્નિકલ ખામી સર્જાતા મત ગણતરીમાં સમય લાગ્યો હતો. ભાજપને કુલ ૬૪,૮૫૪ મત મળ્યા જ્યારે કોંગ્રેસને કુલ ૬૫૫૯૭ મત મળ્યા હતા. અંતે કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલ ૭૬૧ મતે વિજયી બનતા કાર્યકર્તાઓ ઝૂમી ઉઠ્યા હતા. કોંગી કાર્યકર્તાઓ વિજય ઝૂલૂસ આતિષબાજી કરી હતી, બીજી તરફ હાર થતાં ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાએ મતદારોનો આભાર માન્યો હતો.

ગુરૂવારે બાયડ વિધાનસભાની પેટાચૂંટણી માટે વાત્રક નજીક બાયડ સરકારી વિનયન કોલેજમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ રાઉન્ડથી કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલે ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલા સામે લીડ મેળવતા પ્રથમ રાઉન્ડથી શરૂ થયેલી લીડ ૨૩ રાઉન્ડ સુધી જળવાઈ રહેતા અંતે ૭૬૧ મતથી વિજેતા જાહેર થતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ભારે ઉત્સાહમાં આવી ગયા હતા. ૧૫ રાઉન્ડ સુધી કોંગ્રેસની લીડ ૬૦૦૦ મતની આસપાસ રહેતા મત ગણતરી કેન્દ્ર પર કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, બીજી બાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ ભારે હૈયે મત ગણતરી કેન્દ્ર પરથી પરત ફર્યા હતા. મત ગણતરી કેન્દ્ર પરથી પરત ફરતા સમયે ધવલસિંહ ઝાલાનો લોકોએ હુરિયો બોલાવ્યો હતો.

થરાદમાં કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતનો વિજય

પાલનપુર, તા. ૨૪

૮-થરાદ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી-૨૦૧૯માં કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત ૬,૩૭૨ મતોથી વિજેતા બન્યા છે. ગુલાબસિંહ પીરાભાઈ રાજપૂતને કુલ-૭૨,૯૫૯ મતો મળ્યા હતાં. જ્યારે તેમના નજીકના હરીફ ભાજપના ઉમેદવાર જીવરાજભાઈ જગતાભાઈ પટેલને કુલ-૬૬,૫૮૭ મત મળ્યા હતા. થરાદ વિધાનસભા મતવિસ્તારમાં કુલ-૨,૧૭,૮૪૯ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧,૪૬,૭૦૩ મતદાન નોંધાયું હતું જેમાં નોટામાં કુલ-૩૫૬૫ મતો મળ્યા હતાં. તથા ૧૮ જેટલાં મત રીજેક્ટ થયા હતાં.

રાયગઢના શીતળા માતાના મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે આવેલ શીતળા માતાજીના મંદિરને દસ વર્ષ પૂર્ણ થતા તાજેતરમાં તેમની ઉજવણીના ભાગરૂપે પાટોત્સવનું આયોજન કરાયુ હતુ. જે પ્રસંગે ધર્મપ્રેમી જનતા દ્વારા નવચંડી યજ્ઞ યોજવામાં આવ્યો હતો. યજ્ઞ દરમ્યાન આચાર્ય કિર્તીભાઈ જોશીએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરાવી યજમાનોના હસ્તે પૂજા કરાવી હતી. પાટોત્સવને સફળ બનાવવા માટે મંદિરના વહીવટકર્તા મુકેશભાઈ ઉપાધ્યાય, ભાર્ગવભાઈ પંડ્યા અશ્વિનભાઈ દિક્ષીતે ભારે જહેમત ઉઠાવી હતી.

વડગામ તાલુકાના પ્રાથમિક શિક્ષકો દ્વારા

ગ્રેડ-પે આપવાના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કરાયો

વડગામ, તા. ૨૪

સરકાર દ્વારા ગુજરાત રાજ્યના ૨૦૧૦ અને તે પછી ભરતી કરાયેલા પ્રાથમિક શિક્ષકો માટે કેળવણી નિરીક્ષકનો હક રદ કરવામા આવતા તેમજ ઉચ્ચતર પગાર ધોરણ માં ૪૨૦૦ ગ્રેડ પે ને બદલે ૨૮૦૦ ગ્રેડ પે આપવાના નિર્ણયના વિરોધમાં સમગ્ર રાજ્યમાં દરેક પ્રાથમિક શાળાઓમાં તારીખ ૨૩-/૧૦-૨૦૧૯ના રોજ કુલ ૫૬૦૦૦થી વધુ શિક્ષકો દ્વારા બેનર દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો આવ્યો હતો. જેમા વડગામ તાલુકામાં પણ આવેલી પ્રાથમિક શાળામાં પણ અન્યાય થયેલા શિક્ષકો દ્વારા સરકાર સામે હાથમાં પોસ્ટર લઈને ભારે વિરોધ પ્રદર્શન કરાયો હતો.

૨૦૦૯ની ભરતીવાળા શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે અને ૨૦૧૦ની ભરતીવાળાઓને ૨૮૦૦ ગ્રેડ પે આતો તો કેવો ન્યાય કહેવાય ?

જો આગામી એક મહિનામાં સરકાર તરફથી શિક્ષકને કેળવણી નિરીક્ષક અને ૪૨૦૦ ગ્રેડ પે બાબતે કોઈ નિકાલ નહી આવે તો ગાંધીનગરમાં શિક્ષકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

વડગામના બે યુવાનો ઈન્ટરનેશનલ ખો... ખો...માં મેદાન માર્યું

વડગામ, તા. ૨૪

તાલુકા મથક વડગામના બે યુવાનોએ ઈન્ટરનેશનલ ખોખોમાં સિલેક્સન મેળવીને ખોખોની રમતમાં મેદાન મારીને તાલુકાનું નામ રોશન કર્યું છે.

તાલુકા મથક વડગામના બંને યુવાનો હાલમાં અભ્યાસ કરી રહ્યા છે. વડગામમાં રહેતા હાર્દિક અને કનુભાઈની ઈન્ટરનેશનલ ખોખોમા ગુજરાતમાથી આ બે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આં બન્ને યુવાનોએ વડગામ તાલુકા સહિત ગામ અને સમાજનું પણ ગૌરવ વધાર્યું છે. જે બદલ બન્ને યુવાનોને વડગામ સરપંચ ભગવાનસિંહ સોલંકીએ ખૂબખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી અને આ યુવાનો ઈન્ટરનેશનલ ખોખોમા નેપાળ રમવા જવાના હોવાનું જાણવા મળી રહ્યું છે. વિદેશની ધરતી ઉપર વિજય પ્રાપ્ત કરે અને મારા ગામનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવ્યા છે.

હડીયોલની પરિણીતને દહેજ મુદ્દે ત્રાસ અપાતા છ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર તાલુકાના હડીયોલ ગામની એક પરિણીતાને લગ્નના ત્રણ માસ બાદ તેણીના સાસરીયાઓએ પરિણીતાના પતિને ચઢામણી કરી દંધામાં પીયરમાંથી રૂ. ૪ લાખ દહેજ પેટે મંગાવી શારિરીક અને માનસિક ત્રાસ અપાતા આ પરિણીતાએ કંટાળીને મંગળવારે છ સાસરીયા વિરૂદ્ધ હિંમતનગર મહીલા પોલીસ સ્ટેશનમાં દહેજ મુદ્દે ત્રાસ અપાયાની ફરીયાદ નોંધાવી હતી.

દારૂ પીવા પૈસા કેમ નથી આપતા કહી માર મારતા ફરિયાદ નોંધાઈ

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકાના બાઈવાડા ગામ ખાતે રહેતા ભેમજીભાઈ મગનભાઈ રબારી મંગળવારે તેમના ખેતરે આવ્યા હતા. દરમ્યાન ઝેરડા ગામના નાગજીભાઈ નાથુભાઈ રબારી ભેમજીભાઈના પિતા પાસે જઈ તમે મને દારૂ પીવા પૈસા કેમ નથી આપતા તેમ કહેવા લાગ્યા હતા. જેથી તમને શા માટે પૈસા આપીએ તેમ કહેતા તેઓ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા નાગજીભાઈ વિરૂદ્ધ ડીસા પોલીસ મથકે ધોરણસરની ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરમાં ભરબપોરે ઘરમાંથી રોકડની ચોરી કરતા બે શખ્સો પકડાયા

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ શારદાકુંજ સોસાયટીના એક મકાનમાંથી મંગળશવારે ભર બપોરે આજ વિસ્તારમાં રહેતા બે શખ્સો રોકડની ચોરી કરતા બંને જણા ઝડપાઈ ગયા હતા. જે અંગે એ.ડીવીજન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શારદાકુંજ સોસાયટીમાં રહેતા વિકાસ અમૃતલાલ પરમારના ઘરે મંગળવારે બપોરે ત્રણ વાગ્યાના સુમારે આવેલા બે શખ્સોએ મકાનનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ટેબલના ડ્રોવરમાં મુકેલ રૂ. ૧૦ના દરના ત્રણ બંડલો ચોરી ગયા હતા જે અંગે વિકાસભાઈએ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ત્યારબાદ પોલીસે આ જ વિસ્તારમાં આવેલ મોર્ડન હાઈસ્કૂલ પાસે છાપરામાં રહેતા અનીલ રાકેશભાઈ વાઘેલા તથા પ્રકાશભાઈ બચુભાઈ વાઘેલાને ઝડપી લઈ પોલીસે તેમની વધુ પુછપરછ કરી છે.

ડીસામાં ડેન્ગ્યુ અટકાવવા આરોગ્ય વિભાગનું આગોતરૂ આયોજન

શહેરની ૮૨ સોસાયટીઓમાં ટીમ દ્વારા સઘન તપાસ

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ડેન્ગ્યુ સહિતની વાઈરલ બીમારીઓએ માથું ઉચકયું છે. ત્યારે ડીસામાં આરોગ્ય વિભાગે તમામ ૮૨ સોસાયટીમાં સઘન ચકાસણી હાથ ધરી લોકોને બીમારીઓથી બચવા વિસ્તૃત માર્ગદર્શન પણ આપ્યું હતું.

ડેન્ગ્યુ સહિતની વાઈરલ બીમારીને નાથવા માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી અને જિલ્લા મલેરિયા અધિકારી એન. કે. ગર્ગના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આગોતરા આયોજનના ભાગરૂપે ૮૨ સોસાયટીમાં આરોગ્ય કર્મચારીઓ ઘરે ઘરે ફરીને ડેન્ગ્યુ વિશેની જાણકારીના પેમ્ફલેટની વહેંચણી કરવામાં આવી હતી અને દરેક ઘરમાં ડેન્ગ્યુના મચ્છર ચોખા પાણીમાં ઈંડા મૂકે છે અને ઘરોમાં રહેલા કુલર, એસી, ફ્રિજ, ફૂલના કુંડા વગેરેમાં જાત તપાસ હાથ ધરી હતી અને દર અઠવાડીયે એક દિવસ મચ્છર નાબુદી દિવસ તરીકે ઉજવવાની સમજ આપતા આવા તમામ પાત્રોને અઠવાડિયે એકવાર સાફ કરી પછી જ ઉપયોગમાં લેવાની શીખ પણ આપી હતી. આ તમામ કામગીરી ડીસા તાલુકા હેલ્થ ઓફિસર જીગ્નેશ હરિયાણીના સુપરવિઝન હેઠળ હસમુખભાઈ પંચાલ અને નિરંજન ઠક્કર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

હિંમતનગરમાં ખાળકુવાની દિવાલ ધસી પડતા એક શ્રમિકનું મોત

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં ગુરૂવારે એક એપાર્ટમેન્ટમાં ખાળકુવો ભરાઈ જવાને કારણે તેની નજીક બીજો એક ખાળકુવો કરવામાં આવી રહ્યો હતો. દરમ્યાન ૧૫ ફુટ ખોદકામ કર્યા બાદ અચાનક જુના ખાળકુવાની દિવાલ ધસી પડતા અંદર કામ કરી રહેલા એક શ્રમિકનું દટાઈ જવાને કારણે મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ પાલિકાના ફાયરબ્રિગેડના જવાનોએ જેસીબીની મદદથી ખાળકુવાનો કાટમાળ ખસેડી શ્રમિકને બહાર કાઢ્યો હતો.

આ અંગે ફાયરબ્રિગેડના ચીફ ઓફિસર પ્રતાપસિંહ દેવડાના જણાવાયા મુજબ ગુરૂવારે હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં આવેલ શ્રીરાજ એપાર્ટમેન્ટ આગળ ખાળકુવા ખોદવાનુ કામ ચાલી રહ્યુ હતુ. જ્યાં અનિલભાઈ બાબુભાઈ વણઝારા (ઉં.વ. ૨૨) અને અન્ય શ્રમિકો ખાળકુવો ખોદી રહ્યા હતા. દરમ્યાન જે ખાળકુવો ભરાઈ ગયો હતો અથવા તો બીનઉપયોગી થઈ ગયો હતો તેની નજીક નવો ખાળકુવો બનાવાઈ રહ્યો હતો અને અંદાજે ૧૫ ફુટ જમીનનું ખોદકામ કરી દેવાયુ હતુ.

આ જ સમયે ગમે તે કારણોસર જુના ખાળકુવાની દિવાલ ખુલ્લી થઈ જવાને કારણે તથા હવાનુ દબાણ વધી જતા તરત જ આ ખાળકુવાની દિવાલ ધરાશયી થઈ ગઈ હતી. તેથી ખાળકુવામાં કામ કરી રહેલા અનિલભાઈ બાબુભાઈ વણઝારા કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ત્યારબાદ તરત જ હિંમતનગર ફાયરબ્રિગેડને જાણ કરાતા જવાનોએ તરત જ પહોંચી જઈ જેસીબીની મદદથી કાટમાળ નીચે દટાઈ ગયેલા અનિલભાઈ વણઝારાને બહાર કાઢી સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે કપાસ કરીને મૃત જાહેર કર્યા હોવાનું ફાયરબ્રિગેડના સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

ગાયનેક તબીબ પાસેથી ખંડણી માંગનાર શખ્સ હજુ પણ ભાગતો ફરે છે

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના સિવિલ સર્જન રોડ પર આવેલ એક ગાયનેક તબીબની હોસ્પિટલમાં મંગળવારે બેરણા તથા હડીયોલ ગામના બે શખ્સોએ પત્રકારના શ્વાંગમાં આવી તબીબ પાસેથી રૂ. ૧ કરોડની ખંડણી માંગ્યાના આક્ષેપ સાથે આ તબીબે મંગળવારે મોડી સાંજે બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે એક ખંડણીખોરની અટકાયત કર્યા બાદ ભાગતા ફરતા અન્ય એક ખંડણીખોરને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પીએસઆઈ પ્રિતીપાલસિંહ ગોહીલના જણાવાયા મુજબ ગાયનેક તબીબ દિવ્યેશ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેઓ જ્યારે એક પરિણીત મહીલાની સારવાર કરી રહ્યા હતા ત્યારે ભીખુસિંહ પરમાર અને મનોજભાઈ વણકર નામના બે શખ્સો પોતે પત્રકાર હોવાનો રૂઆબ કરીને તમે ગેરકાયદે રીતે ગર્ભપાત કરી રહ્યા છો તેમ કહી આ બંને ખંડણીખોરોએ રૂ. ૧ કરોડની માંગ કરી હતી. જેથી તબીબે ચોકસાઈ કરવા માટે કેટલીક વાત કરી હતી. પરંતુ બંને જણા તબીબ સમક્ષ ગલ્લાતલ્લા કરતા તરત જ બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી.

જો કે પોલીસ આવે તે પહેલા હડીયોલના મનોજભાઈ વણકર ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસે તેમને શોધવા માટે હડીયોલ ખાતે આવેલ તેમના સઘન તપાસ કરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. અને તેમનો મોબાઈલ પણ બંધ આવે છે જેથી તેને શોધવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમનો ફિયાસ્કો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાસેતુ શહેરી પાંચમો તબક્કાનો કાર્યક્રમ યોજાયો હતો. દિવાળીના તહેવારોને લઈને કાર્યક્રમમાં લાભાર્થીઓની પાંખી હાજરી દેખાઈ રહી હતી પ્રાંતિજ શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે પાંચમાં તબક્કાનો શહેરી સેવાસેતુ કાર્યક્રમ સરકાર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી શાળા ખાતે આખી કચેરી ઉભી કરવામાં આવી હતી જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, મા અમૃતમ યોજના, વાત્સલ્ય કાર્ડ સહિતની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતા. પણ દિવાળીના તહેવારોમાં જ કાર્યક્રમ ઉભો કરતા દરેક ટેબલો ઉપર લાભાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. ખુરશીઓ પણ ખાલીખમ જોવા મળી હતી, આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન મહેબુબભાઈ બલોચ, સંજયભાઈ પટેલ, મહેશભાઈ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ઉપસ્થિત રહ્યાં હતા.